આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

આકરા સ્વભાવના પતિને ઠંડા સ્વભાવની પત્નિ મળે તો કુટુંબનું સરેરાશ તાપમાન જળવાઈ રહે છે
- માનસસૂત્ર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૯૦ | ૨ જાન્યુઆરી, ૨૦૧૫, શુક્રવાર ; પોષ સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ભરશિયાળે વરસાદી માહોલ

## ચિલોડા-દહેગામ વિસ્તારમાં ગાજવીજ સાથે વરસાદ : વાદળોથી ઘેરાયેલા વાતાવરણથી જનજીવનમાં બેચેની : શિયાળુ પાકને નુકશાનની ભીતિ, ખેડૂતોમાં ચિંતાનો માહોલ




ગાંધીનગર, તા.૧

ગાંધીનગર જિલ્લાના દહેગામ, ચિલોડા, કલોલ અને માણસા વિસ્તારમાં વરસાદી ઝાપટા પડતા ખેડૂતોમાં ભારે ચિંતા પ્રસરી ગઈ હતી. વહેલી સવારથી ગાંધીનગર શહેર-જિલ્લાના વાતાવરણમાં અચાનક પલ્ટો આવ્યો હતો. ઘેરાયેલા વાદળોને કારણે સુસ્તીભર્યું વાતાવરણ જનજીવનમાં અનુભવાતું હતું. કમોસમી વરસાદને પગલે શિયાળુ પાકને નુકસાન થવાની ભીતિ છે જેના કારણે ખેડુત જગતમાં ચિંતા પ્રસરી છે.

નવા વર્ષના પ્રથમ દિવસે વાતાવરણમાં પલ્ટો આવ્યો છે અને આકાશમાં વાદળોની ભારે જમાટવ થઈ છે. ગાંધીનગરના જીઈબી, પાલજ, ધણપ, દશેલા,ચિલોડા, દહેગામ, આસપાસના ઘણા વિસ્તારોમાં કમોસમી વરસાદ પણ પડયો હતો જેના કારણે વાતાવરણમાં ઠંડક છવાઈ ગઈ હતી.

છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલી સારી એવી ઠંડી બાદ આજે વહેલી સવારથી જ આકાશમાં વાદળોની ભારે જમાવટ થઈ હતી. વાદળોની જમાવટના કારણે સૂર્યનારાયણના દર્શન થઈ શકયા ન હતા. તડકો ન નીકળતા તથા આખો દિવસ પવન ફુંકાતા દિવસ દરમિયાન તાપમાન ઘટયું હતુ અને મહત્તમ તાપમાન ૨૪ ડિ.સે. રહ્યું હતું. સવારના સમયે તો પવનની ગતિ એટલી બધી તેજ હતી કે ઘરના બારી બારણા પણ ખોલી શકાતા ન હતા. જિલ્લાના ઘણા વિસ્તારોમાં અને શહેરની આસપાસ ઘણા વિસ્તારોમાં કમોસમી વરસાદ પણ પડયો હતો. વરસાદ બાદ વાતાવરણમાં સારી એવી ઠંડક ફેલાઈ ગઈ હતી. ઘરમાં અને કચેરીઓમાં આખો દિવસ ગરમ વસ્ત્રો પહેરીને ફરવાની ફરજ પડી હતી.

ચાની કીટલીઓ પર ભારે ઘરાકી જોવા મળી હતી. તે જ રીતે વસાણાની ખરીદી કરતી ગૃહિણીઓ નજરે પડી હતી. ગરમ વસ્ત્રોની ખરીદી માટે પણ લોકો બજારમાં જોવા મળ્યા હતા.

સાંજે ઠંડીની અસર વધતા માર્ગો

● અનુસંધાન પાન-૭ પર





(તસવીર : દિપક જાની, નટુભાઈ પટેલ)

# ગુજરાત ઈન્વેસ્ટર્સ માટે પ્લેટફોર્મ બનશે

## ઝીરો ડિફેક્ટ અને ઝીરો ઈફેક્ટ : ગુણવત્તા સાથે ઉત્પાદકતામાં વધારો અને પર્યાવરણને સાનુકૂળ ઉદ્યોગો દ્વારા ઔદ્યોગિક ક્ષેત્રે દેશભરમાં અગ્રેસર રહેશે ગુજરાત

ગાંધીનગર, તા.૧

વાયબ્રન્ટ ગુજરાત સમીટ - ૨૦૧૫ના આયોજન સાથે ગુજરાત રાજય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના નેતૃત્વમાં વૈશ્વિક રોકાણકારો માટે પસંદગીનું સ્થળ બન્યું છે ત્યારે ગુજરાત સરકારે નવી ઔદ્યોગિક નીતિ - ૨૦૧૫ જાહેર કરીને ગુજરાતને ગ્લોબલ મેન્યુફેક્ચરીંગ હબ બનાવવા નૂતન માર્ગ કંડાર્યો છે.

વડા-ધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના ''મેઈક ઈન ઈન્ડિયા'' ના સપનાંને સાકાર કરવા ગુજરાતે જે પુરુષાર્થ આદર્યો છે તેમાં ગુજરાતની નવી ઔદ્યોગિક નીતિ - ૨૦૧૫ નવા -ાણ પૂરશે. રાજયના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના સીધા માર્ગદર્શન હેઠળ આકાર પામેલી આ નવી ઉદ્યોગ નીતિ અંગે રાજયના નાણા અને ર્જા વિભાગના મંત્રી શ્રી સૌરભભાઈ પટેલે જણાવ્યુ હતુ કે વડા-ધાનશ્રીના ર્પીત્ત્ફૂ ઈં ત્ફુર્ઙ્ઘ ના સપનાંને સાકાર કરવા નવી ઉદ્યોગ નીતિના સહારે ગુજરાત પ્લેટફોર્મ બનશે એટલું જ નહિ, ગુજરાતનો ઔદ્યોગિક વિકાસ અન્ય રાજયો માટે ે-રણાસ્રોત બનશે. મંત્રીશ્રીએ એમ પણ જણાવ્યુ હતુ કે, ગુણવત્તા સાથે ઉત્પાદકતામાં વધારો સાથે પર્યાવરણને સાનુકુળ ઉદ્યોગો દ્વારા ઔદ્યોગિક ક્ષેત્રે ગુજરાત દેશભરમાં અગ્રેસર રહેશે.

સાતત્યપૂર્ણ ઔદ્યોગિક નીતિના અમલીકરણથી અને ઉચ્ચતર આંતરમાળખાકીય સુવિધા તેમજ શાંતિપૂર્વકના ઔદ્યોગિક વાતાવરણને કારણે ગુજરાત રાજય સમગ્રદેશમાં મૂડીરોકાણ ક્ષેત્રે મોખરાનું સ્થાન ધરાવે છે. વર્ષ ૨૦૦૫ થી વર્ષ ૨૦૧૩ દરમિયાન જીએસડીપીનો સરેરાશ વૃદ્ધિદર દસ ટકાથી વધુ રહયો છે. જે સમગ્ર દેશની સરેરાશ કરતાં વધુ છે. વર્ષ ૨૦૧૧-૧૨ની માથાદિઠ આવક રૂ.૮૭,૧૭૫ની સરખામણીમાં વર્ષ ૨૦૧૨-૧૩ની આવક રૂ. ૯૬,૯૭૬ -વર્તમાન ભાવાંકના આધારે મેળવી શકાઈ છે. ગુજરાત રાજય લઘુ અને મધ્યમ ઉદ્યોગથી સમૃદ્ધ રાજય છે. તા. ૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ રજીસ્ટર્ડ થયેલા એમએસએમઇ એકમોની સંખ્યા ૨,૬૧,૭૬૦ છે. જેમાં સરેરાશ મૂડી રોકાણ રૂ. ૨૭.૮૪ લાખ -તિ એકમ થયેલું છે.

મંત્રીશ્રી સૌરભભાઇ પટેલે જણાવ્યુ હતું કે, અગાઉની ઔદ્યોગિક નીતિઓ અંતર્ગત વિવિધ સહાય અને વેરા રાહતો આપવામાં આવી હતી જેના આધારે ગુજરાતે ઔદ્યોગિક ક્ષેત્રે નવા સીમાચિહ્નો હાંસલ કર્યા છે. જી.આઇ.ડી.સીની સ્થાપના, સ્પેશિયલ ઈકોનોમીક ઝોન, સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન, આંતરમાળખાકીય સુવિધાઓ, -દુષણ નિયંત્રણ વગેરેમાં સહાય પૂરી પાડી જેના પરીણામે રાજયમાં ઔદ્યોગિક મૂડી રોકાણ આકર્ષી રોજગારીની વિપુલ તકો ભી કરવામાં સફળતા મળી છે. મંત્રીશ્રીએ એમ પણ જણાવ્યુ હતુ

● અનુસંધાન પાન-૭ પર

### વિકાસની વ્યુહ રચના

- નાવિન્યપૂર્ણ સંશોધન પ્રવૃત્તિ અને સેકટર સ્પેસિફિક સજ્જતાના પ્રોત્સાહન દ્વારા વ્યુહાત્મક આયોજન.
- આંતરમાળખાકીય સુવિધાનો વિકાસ કરવો.
- શ્રમ કાયદાઓમાં સરળીકરણ અને અમલીકરણ.
- ઔધોગિક રીતે અવિકસીત વિસ્તારો ઉપર ખાસધ્યાન.
- ચોક્કસ ઔધોગિક ક્ષેત્રોને સુદ્રઢ બનાવવા કૌશલ્ય નિર્માણ.
- યુવા સાહસિકોને સ્ટાર્ટ-અપ માટે પ્રોત્સાહન.
- ઈનોવેટીવ પ્રોડકટ ડેવલપમેન્ટ માટે યુનિવર્સિટીઓને પ્રોત્સાહન.
- કુશળ માનવ બળના નિર્માણ માટે ઉધોગો અને યુનિવર્સિટી વચ્ચે સંકલન-જોડાણ.
- રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ તેમજ ટેકનોલોજી અપ-ગ્રેડેશન માટે મદદ.
- ટ્રેડ ફેસીલીટેશન અને ઈ-ગવર્નન્સને પ્રોત્સાહન.
- શ્રમ પ્રધાન ઉધોગોને પ્રોત્સાહન.
- સેવા ક્ષેત્રમાં સાહસિકોને મદદ.
- મહિલાઓને પણ પ્રોત્સાહન.
- ''મેઈક ઈન ઈન્ડિયા''ના સપનાને સાકાર કરવા-
  - સરળતાથી બિઝનેશ કરી શકાય તેવું વાતાવરણ સુદઢ કરવું.
  - મેન્યુફેંકચરીંગ સેકટરને પ્રોત્સાહન.
  - ઝીરો એફયુલન્ટ ડીસ્ચાર્જ પ્લાન્ટ દ્વારા પર્યાવરણ સુરક્ષા.
- આંતરમાળખાકીય સુવિધાના નિર્માણ દ્વારા લાસ્ટ માઈલ કનેકટીવીટી.
- ચોક્કસ ક્ષેત્રોના વિકાસ માટે પ્રોત્સાહન અને ઉત્પાદનોમાં વેલ્યુ એડીશન ઉપર વધુ ઝોક.
- ગ્રીન-કલીન એનર્જીના ઉપયોગ માટે ખાસ પ્રોત્સાહન.
- ઈનોવેશન સ્ટાર્ટ-અપ અને ટેકનોલોજી ટ્રાન્સફરને પ્રમોટ કરશે.

# ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં કમોસમી વરસાદ : કૃષિ પાકોને નુકશાનની ભીતિ

## રાજયના હવામાનમાં પલટો ઠંડીનું જોર વધ્યું

ગાંધીનગર, તા.૧

રાજયના હવામાનમાં પલટો મુજબ રાજયના હવામાનમાં પલટો આવવા પામ્યો છે. વાદળછાયા



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

વાતાવરણ સાથે તાપમાન ગગડતા ઠંડીનું જોર વધવા પામ્યું છે. દક્ષિણ ગુજરાતમાં નવસારીમાં ભારે ધુમ્મસ સાથે હાડ થીજાવતી ઠંડી પડવા પામી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ ઉત્તર ગુજરાતના હવામાનમાં પણ પલટો આવતાં ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં કમોસમી વરસાદ થતાં કેટલાક કૃષિ પાકોને નુકસાન થવાની ભીતી વ્યકત કરવામાં આવી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો આવતા હારીજ, રાધનપુરના કેટલાક વિસ્તારોમાં કમોસમી વરસાદ પડતા ઠંડીનું જોર વધવા પામ્યુ છે. આ વિસ્તારમાં કમોસમી વરસાદને કારણે

● અનુસંધાન પાન-૭ પર

હાર્દિક અભિનંદન



માન. શ્રીમતી આનંદીબેન પટેલ
મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય



માન. શ્રી આર. સી. ફળદુ
પ્રદેશ પ્રમુખશ્રી, ગુજરાત રાજ્ય



શ્રી કુબેરભાઈ એમ. ડીંડોર
અધ્યક્ષ, ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ

શિક્ષણ સાંસ્કૃતિનું પ્રદાન કરે છે, તે લાગણીઓ અને બૌદ્ધિક દૃષ્ટિને પરમાર્જિત કરે છે અને રાષ્ટ્રીય એકતા સ્થાપવામાં મદદ કરે છે. આવા રાષ્ટ્રીય વિચારોને વરેલા અને સ્વસ્થ આત્મબળ તેમજ પરિશ્રમ કરીને સર્વજનોનો સહકાર મેળવી વિકાસને મહત્વ આપી પોતાના કાર્યોને સમાજમાં વહેંચવાના એક શુદ્ધ ઉદ્દેશથી રાજકીય કેડીને કંડારનાર પંચમહાલ / મહિસાગર જિલ્લાના યુવાન અને ઉત્સાહી એવા તલોદમાં ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે ફરજ બજાવતા પ્રોફેસર ડો. કુબેરભાઈ એમ. ડીંડોરને અમો સૌ ખૂબ ખૂબ અભિનંદન પાઠવીએ છીએ. તેમજ આ નિમણુંક માટે આપને યોગ્ય માનનાર માનનીય મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલ તથા પ્રદેશ પ્રમુખ શ્રી આર. સી. ફળદુ સાહેબનો અમો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ...

લિ. શુભેચ્છક

હિતેન્દ્રકુમાર સી. ઉપાધ્યાય — પ્રમુખશ્રી
દિનેશકુમાર શાંતુભાઈ પટેલ — માનદમંત્રીશ્રી

સમસ્ત હોદ્દેદારશ્રીઓ
શ્રી સી.ડી. પટેલ મહાવિદ્યા મંડળ, તલોદ
પ્રો. ડો. જે. સી. પટેલ-પ્રિન્સીપાલ તથા કોલેજ સ્ટાફ પરિવાર
શેઠ એચ. પી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, તલોદ

ધી ગાંધીનગર અર્બન કો-ઓપરેટીવ બેંક લિ.
સેકટર-૨૧, ગાંધીનગર

૧૬માં વર્ષમાં મંગલ પ્રવેશ

આજ રોજ બેંક ૧૫ વર્ષ પુર્ણ કરી ૧૬ માં વર્ષમાં મંગલ પ્રવેશ કરે છે. સ્થાપના કાળથી આજ સુધી સભાસદો, થાપણદારો, ખાતેદારો તથા શુભેચ્છકો તરફથી સ્નેહભર્યો સહકાર મળેલ છે. બેંક સર્વનો આભાર વ્યક્ત કરે છે. આગામી સમયમાં પણ આવો જ સહકાર મળી રહે તેવી અપેક્ષા સાથે વર્ષ ૨૦૧૫ સૌને ફળદાયી નિવડે તેવી શુભેચ્છા પાઠવીએ છીએ.

વિશેષ :- બેંકની પ્રગતિના ભાગરૂપે વિકાસશીલ વિસ્તારના ગ્રાહકોની માંગણીને ધ્યાનમાં લઈને સનરાઈઝ આર્કેડ, કોબા રોડ, કુડાસણ મુકામે ટુંક જ સમયમાં કોમ્પ્યુટરાઈઝ ત્રીજી બ્રાન્ચ શરૂ કરી રહ્યા છીએ. જેનો લાભ લેવા સર્વેને નમ્ર વિનંતી છે.

શ્રી ચંદુભાઈ એચ.પટેલ — મેનેજીંગ ડિરેક્ટર
શ્રી ડાહ્યાભાઈ ટી. પટેલ — ચેરમેન
શ્રી ગોવિંદભાઈ એમ. પટેલ — જનરલ મેનેજર
શ્રી બિપીનભાઈ વી. પટેલ — વાઈસ ચેરમેન

ડિરેકટર્સ
શ્રી કાલીદાસ વી. પટેલ
શ્રી પરસોતમભાઈ એમ. પટેલ
શ્રી અશોકભાઈ સી. પટેલ
શ્રી નટુભાઈ આર. પટેલ
શ્રી પ્રહલાદભાઈ આઈ. પટેલ
શ્રી પ્રહલાદભાઈ એસ. પટેલ
શ્રી પ્રકાશભાઈ આર. પટેલ
શ્રીમતી ઈન્દીરાબેન આર. પટેલ
શ્રીમતી ભાવનાબેન બી. પટેલ
શ્રી ગિરીશચંદ્ર ટી. ઝાટકિયા
શ્રી ગોરધનભાઈ જે. રાઘવાણી